પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 14-11-2026 **Evening: 7.10 TO 7.20 PM**

Day : Saturday **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હેમેટોલોજી ક્ષેત્રને માનવતાની સેવા અને જીવન રક્ષાનું મહત્વનું માધ્યમ ગણાવ્યુ.
2. કચ્છના કારીગરોને અજરખ કળાના સંરક્ષણ અને વિસ્તરણ માટે વ્યાપક યોજના તૈયાર કરવા કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહનુ આહ્વાન.
3. જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી અંતર્ગત રાજ્યભરમાં આજે સ્વચ્છતા અભિયાન યોજાયું
4. લાભ પાંચમ નિમિત્તે વેપારીઓ અને દુકાનદારોએ આજથી ધંધા-વ્યવસાયનો પુનઃપ્રારંભ કર્યો.
5. 19 વર્ષથી ઓછા વયજૂથના એશિયા ક્રિકેટ કપમાં પાકિસ્તાનને હરાવી ભારતે ખિતાબ જીત્યો.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

HEMATOLOGY SUMMIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, હેમેટોલોજીનું ક્ષેત્ર માત્ર સારવારનું નહીં પરંતુ માનવતાની સેવા અને જીવન રક્ષાનું મહત્વનું માધ્યમ છે. અમદાવાદમાં ઇન્ડિયન સોસાયટી ઓફ હેમેટોલોજી એન્ડ બ્લડ ટ્રાન્સફ્યુઝનના 67મા વાર્ષિક સંમેલન – હેમેટોકોનના ઉદ્ઘાટન કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે કહ્યું, હેમેટોલોજી નિષ્ણાંતો તરીકે રોગના ત્વરિત નિદાન, જેનેટિક કાઉન્સેલિંગ, સંશોધનના માધ્યમથી રક્ત સંબંધિત રોગના નિવારણ માટે સમાજને સક્ષમ બનાવવાની જવાબદારી તમારા ખભા પર છે.

(બાઈટ – ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ સંમેલનના માધ્યમથી સ્વસ્થ સમાજના સંકલ્પને સામૂહિક સંકલ્પ બનાવવાની નવી દિશા મળશે તેમ પણ શ્રી પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો.

આ પ્રસંગે તેમણે દેશ-વિદેશથી આવેલા તમામ હેમેટોલોજી સંશોધકો અને તબીબોનું રાજ્યમાં સ્વાગત કર્યું.

.....

UM GIRIRAJ SINGH VISIT

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે આપણા વારસા અને આપણા કારીગરને આત્મનિર્ભર ભારતની સાચી તાકાત ગણાવ્યા. કચ્છના ભુજમાં ઐતિહાસિક અજરખ હસ્તકળા સમૂહની મુલાકાત દરમિયાન શ્રી સિંહે પરંપરાગત બ્લોક પ્રિન્ટિંગની સમગ્ર પ્રક્રિયા અંગે સમજણ મેળવી. આ પ્રસંગે શ્રી સિંહે અજરખ કળાના સંરક્ષણ અને વિસ્તરણ માટે એક વ્યાપક વિઝન નેક્સ્ટ યોજના તૈયાર કરવા આહ્વાન કર્યું. જે અંતર્ગત આગામી તબક્કામાં દેશભરના એક લાખ કારીગરો અને શિલ્પકારોને તાલીમ આપવાનો લક્ષ્યાંક છે.

કેન્દ્રીય કાપડ મંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું , પરંપરાગત કળાને આધુનિક ટેકનિક , નવિનતા, યોગ્ય ડિઝાઈન અને વૈશ્વિક બજાર સાથે જોડીને કારીગરોની આવક અને રોજગારની તક વધારવામાં આવે તેઓ સરકારનો પ્રયાસ છે.

આ ઉપરાંત શ્રી સિંહે અજરખપુર સ્થિત એફ્લુએન્ટ ટ્રિટમેન્ટ પ્લાન્ટ પરિસરમાં પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભાવિના સંકલ્પ સાથે એક પેડ માઁ કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું.

.....

EVE JANJATIYA GAURAV DIVAS OVERALL - 1

ધરતીઆબા ભગવાન બિરસા મુંડાની 151-મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત રાજ્યભરમાં આજે સવારે પ્રતિમા સ્વચ્છતા અભિયાન, પૂજા અને સાધુ-સંતોનું સન્માન કરાયું.

મહીસાગરમાં સંતરામપુર નગર ખાતે મહાનુભાવોની પ્રતિમાઓની સાફસફાઈ હાથ ધરાઈ. તેમજ બસમથક ખાતે યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં સંતરામપુરના ધારાસભ્ય ડૉક્ટર કુબેર ડિંડોર જોડાયા.

(BYTE: DR. KUBER DINDOR, MLA, SANTRAMPUR)

તો, સાબરકાંઠામાં વિવિધ સ્થળોએ મહાનુભાવોની પ્રતિમાઓ અને તેની આસપાસ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું. તમામ લોકોએ ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ આપી. ઉપરાંત પંચમહાલ જિલ્લામાં મહાપુરુષો અને આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રતિમાઓની સાફસફાઈ કરી સ્વચ્છાંજલિ અપાઈ.

તો, ભરૂચમાં સ્ટેચ્યૂ પાર્ક ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આરતી ઉતારવામાં આવી. વલસાડમાં ધરમપુરના આસુરા ખાતે બિરસા મુંડા સર્કલ પર યોજાયેલા સફાઈ અભિયાનમાં સ્થાનિક લોકો અને કાર્યકરોએ શ્રમદાન કર્યું.

EVE JANJATIYA GAURAV DIVAS OVERALL - 2

સુરતમાં અનાવલ અને માંડવી ખાતે સાંસદ પ્રભુભાઈ વસાવા , ધારાસભ્ય મોહન ઢોડિયા અને કુંવરજી હળપતિએ સ્વચ્છતાનો સંદેશ આપ્યો. બંને સ્થળ પર સાધુ-સંતોનું સન્માન કરી આદિજાતિ સમાજના વારસા અને સંસ્કૃતિના જતનનો સંકલ્પ કરાયો. તો, માંગરોળમાં ધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ ભગવાન બિરસા મુંડાની પ્રતિમાની સફાઈ કરી પુષ્પાંજલિ આપી. શ્રી વસાવાએ ભગવાન બિરસા મુંડાના જીવન અને સંઘર્ષમાંથી રાષ્ટ્રપ્રેમ , સામાજિક એકતા અને પોતાના વારસા પ્રત્યે ગૌરવની પ્રેરણા લેવા યુવાઓને અપીલ કરી.

.....

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....

VLS DEVELOPMENT WORK

નાણામંત્રી કનુ દેસાઈએ વલસાડમાં પારડીના ઉમરસાડી ખાતે 23 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું. શ્રી દેસાઈએ સૌને લાભપાંચમની શુભેચ્છાઓ પાઠવી. તેમણે આ બ્રિજ સમગ્ર રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં એક આદર્શ તરીકે પ્રસ્થાપિત થશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો. દરમિયાન શ્રી દેસાઈએ પથ્થરના વિઘ્નને દૂર કરવા રશિયાના ઇજનેરોની મદદથી બની રહેલી ફ્લોટિંગ જેટ્ટીના કામ , બમણા ખર્ચે પણ ડિસેમ્બરના અંત સુધીમાં પૂર્ણ કરવાની ખાતરી આપી.

(BYTE: KANU DESAI, FINANCE MINISTER)

.....

LABH PANCHAM CELEBRATION

લાભ પાંચમના પર્વ નિમિત્તે રાજ્યભરમાં વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ આજથી ધંધા-વ્યવસાયનો પુનઃપ્રારંભ કર્યો. દિવાળી અને બેસતા વર્ષના તહેવારો પછી કારતક સુદ પાંચમ એટલે કે , લાભ પાંચમને વેપારીઓ માટે સૌથી મોટું અને પવિત્ર મુહૂર્ત માનવામાં આવે છે. આજે વેપારીઓ અને દુકાનદારોએ નવા હિસાબી ચોપડા પર શુભ અને લાભ લખીને તથા કુબેર–લક્ષ્મીજીનું પૂજન કરીને વેપારની ધમધમતી શરૂઆત કરી.

સુરતમાં પણ આજથી કાપડ બજાર ફરી ખૂલ્યું છે. વેપારીઓએ ચોપડાપૂજન કર્યું અને નવા વર્ષ માટે વ્યવસાય શરૂ કર્યો. આ અંગે સુરત વેપાર અને કાપડ સંગઠનના મંડળ – ફોસ્ટાના અધ્યક્ષ કૈલાસ હકીમે વધુ માહિતી આપી.

(BYTE: KAILASH HAKIM, CHAIRMAN, FOSTTA)

શક્તિપીઠ અંબાજી મંદિરમાં લાભ પાંચમ નિમિત્તે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું. આ અંગે મંદિરના પૂજારી ભટ્ટજી મહારાજે વધુ માહિતી આપી.

(BYTE: BHATTAJI MAHARAJ, PUJARI, AMBAJI MANDIR)

બોટાદના સાળંગપુર શ્રી કષ્ટભંજન દેવ હનુમાન મંદિરમાં દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી.

U19 CRICKET FINAL MATCH UPDATE

19 વર્ષથી ઓછા વયજૂથના એૅશિયા ક્રિકેટ કપમાં ફાઈનલ મુકાબલામાં પાકિસ્તાનને હરાવી ભારતે ખિતાબ જીત્યો. ઓમાનમાં રમાયેલી મેચમાં પાકિસ્તાને ભારતને જીતવા 338 રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

ભારત તરફથી ઓપનર બેટ્સમેન સુકાની લક્ષ્ય રાયચંદાણીએ સૌથી વધુ 80 રન બનાવ્યા. જ્યારે આર્યવિર સેહવાગે 58, મનલ ચૌહાણે 47, અને મોહિત ઉલવાએ અણનમ 49 રનનું યોગદાન આપ્યું. રસાકસીભરી મેચમાં છેલ્લી ઓવરમાં ભારતીય ટીમનો ભવ્ય વિજય થયો.

અગાઉ ભારતીય બોલર કાવ્ય પટેલે સૌથી વધુ ચાર, ચિગુરુપતિ વેંકટે ત્રણ અને અર્જુન રાજપૂતે એક વિકેટ લીધી હતી.

. . . . . .

JND DEMOLITION

જુનાગઢમાં સતત બીજા દિવસે વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદે દબાણ સામે કાર્યવાહી કરવામાં આવી. આજે ચાર ગેરકાયદેસર મકાન તોડી એક હજાર 500 ચોરસ મીટરના વિસ્તારને ખૂલ્લો કરાયો. આ અંગે પ્રાન્ત અધિકારી વૃશાલી કાંબલેએ વધુ માહિતી આપી.

(BYTE: VRUSHALI KAMBLE, SDM, JUNAGADH)

.....